
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૦ | ૧ મે, ૨૦૧૯, બુધવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાહુલ ગાંધીની 'નાગરિકતા' પર ઘમાસાન

**એસ.સ્વામીના પત્ર બાદ ગૃહમંત્રાલયે નોટિસ પાઠવી ૧૫ દિવસમાં જવાબ માંગ્યો : સ્વામીએ ફરિયાદમાં દાવો કર્યો ૨૦૦૩માં બ્રિટનમાં બેકોપ્સ નામની કંપનીનું રજિસ્ટ્રેશન દર્શાવ્યું જેમાં રાહુલ ગાંધી નિર્દેશ અને સચિવ હતા,વાર્ષિક રિટર્નમાં રાહુલની જન્મ તારીખ વખતે નાગરિકતા બ્રિટિશ ગણાવી**




ન્યુ દિલ્હી,તા.૩૦

કેન્દ્રીય ગ્રુહ મંત્રાલયે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની વિદેશની નાગરિકતાના સવાલ પર તેમની પાસે જવાબ માંગ્યો છે. ગૃહ મંત્રાલયે ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીના પત્ર બાદ રાહુલ ગાંધીને નોટિસ ફટકારી છે. રાહુલ ગાંધીએ ૧૫ દિવસની અંદર નોટિસનો જવાબ આપવાનો રહેશે. સુબ્રમણ્યમ સ્વામીએ પોતાના પત્રમાં રાહુલ ગાંધીની બ્રિટિશ નાગરિકતા હોવાનો દાવો કર્યો હતો.

સ્વામી પોતાની ફરિયાદમાં દાવો કર્યો છે કે, ૨૦૦૩માં બ્રિટનમાં મ્ફર્ષ્ઠાઁજ લિમિટેડ નામની કંપનીનું રજિસ્ટ્રેશન થયું હતું. આ કંપનીનું સરનામું ૫૧ સાઉથગેટ સ્ટ્રીટ, વિંચેસ્ટર, હેંપશાયર જીંર૩ ૯ઈઉઁ છે અને રાહુલ ગાંધી તેના નિર્દેશન અને સચિવ હતાં.

સ્વામીએ પોતાની ફરિયાદમાં એવો પણ દાવો કર્યો છે કે, કંપનીના ૧૦-૧૦-૨૦૦૫ અને ૩૧-૧૦-૨૦૦૬ના રોજ ફાઈલ કરવામાં આવેલા વાર્ષિક રિટર્નમાં રાહુલની જન્મ તારીખ ૧૯-૦૬-૧૯૭૦ નોંધવામાં આવેલી છે અને નાગરિકતા બ્રિટિશ ગણાવી છે. ૧૭-૦૨-૨૦૦૯માં કંપનીને બંધ (ડિસલૂશન એપ્લીકેશન) કરતી વખતે પણ રાહુલ ગાંધીની નાગરિકતાને બ્રિટિશ ગણાવવામાં આવી છે. ગૃહ મંત્રાલયે સ્વામીની આ ફરિયાદના આધારે રાહુલ ગાંધીને પોતાનો પક્ષ સ્પષ્ટ કરવા અને આગામી ૧૫ દિવસમાં આ મામલે જવાબ આપવા જણાવ્યું છે. કેન્દ્ર સરકારમાં નિર્દેશક (નાગરિકતા) બી સી જોશીએ રાહુલ ગાંધીને આ નોટિસ ફટકારી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કયા રાહુલ ગાંધી સાચા લંડન વાળા કે દિલ્હી વાળા : ભાજપ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની નાગરિકતા અંગે હોમ મિનિસ્ટ્રીએ તેમની પાસેથી માંગેલા જવાબ બાદ ભાજપે રાહુલ ગાંધી પર સીધુ જ નિશાન સાધ્યુ છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કટાક્ષ કરતા કહ્યુ હતુ કે, રાહુલ ગાંધી બેકઓપ્સ નામની બ્રિટનમાં રજીસ્ટર થયેલી કંપનીના નિર્દેશક હતા. કંપનીના દસ્તાવેજોમાં રાહુલે પોતાને બ્રિટિશ નાગરિક ગણાવ્યા છે.રાહુલ ગાંધી એક રીતે કંપનીના માલિક છે.કંપનીના ૨૦૦૫ના રિટર્નમાં દર્શાવાયુ હતુ કે, ૬૫ ટકા શેર રાહુલ ગાંધીની માલિકીના છે. અમે જાણવા માંગીએ છે કે કયા રાહુલ સાચા છે, લંડન વાળા કે દિલ્હીવાળા

## ભાજપ દેશની પ્રજાનું ધ્યાન ભટકાવવા માંગે છે : કોંગ્રેસ

ન્યુ દિલ્હી,તા.૩૦

કોગ્રેસે સ્વામીના ઓરોપનું ખંડન કરતા કર્યુ છે. કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે, 'રાહુલ ગાંધી જન્મથી ભારતીય છે અને કોંગ્રેસ ભાજપના દાવાને રદીયો આપે છે.' મોદી પાસે બેરોજગારી અને બ્લેક મની અંગે કોઈ જવાબ નથી માટે આવા ખોટા આરોપને આધારે નોટિસ જાહેર કરીને લોકોનું ધ્યાન ભટકાવવા માગે છે. સુબ્રહ્મણ્યમ સ્વામીના આરોપમાં કોઈ તથ્ય નથી. પાંચ વર્ષ પહેલા પણ આ પ્રકારના આરોપ લગાવવામાં આવતા હતા. તો શું પાંચ વર્ષ સરકાર ઉંઘી રહી હતી.

## ભાજપના તમામ આરોપો બકવાસ : પ્રિયંકા

બીજી તરફ પ્રિયકા ગાંધીએ તેનો જવાબ આપતા કહ્યુ છે કે, ભાજપના તમામ આરોપો બકવાસ છે. આવો બકવાસ મેં પહેલા ક્યારેય સાંભળ્યો નથી. રાહુલ ભારતીય છે, આ દેશમાં જન્મ્યા છે તે આખો દેશ જાણે છે.

## ટાટાએ રાજકીય પક્ષોને ૬૦૦ કરોડનું દાન કર્યું

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશના સૌથી મોટા વેપારી સમૂહ પૈકીના એક ટાટા સમૂહે પોતાના ચૂંટણી ટ્રસ્ટ મારફતે વિવિધ રાજકીય પક્ષોને લોકસભા ચૂંટણી માટે લગભગ ૫૦૦ થી ૬૦૦ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. ટાટા ગ્રૂપ પોતાના ટ્રસ્ટ પ્રોગ્રેસિવ ઈલેક્ટરોલ ટ્રસ્ટના માધ્યમથી રાજકીય પાર્ટીઓને ચૂંટણી માટે દાન આપે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે ટાટા ગ્રૂપે સૌથી વધુ દાન ભાજપને આપ્યું છે.

# મોદી-શાહ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

**ચૂંટણી પંચને જવાબ આપવા સુપ્રીમનો આદેશ : ભાષણોમાં અમિત શાહ તેમજ મોદીએ આચારસંહિતાનો ભંગ કર્યો**

નવી દિલ્હી, તા. ૩૦

સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ દ્વારા ચૂંટણી આચારસંહિતા ભંગ કરવામાં આવી હોવાના આક્ષેપને લઈને કોંગ્રેસ સાંસદ દ્વારા કરવામાં આવેલી અરજી ઉપર ચૂંટણી પંચનો જવાબ માંગ્યો છે. તેમના ઉશ્કેરણીજનક ભાષણોને લઈને આચારસંહિતા ભંગનો આક્ષેપ મોદી અને શાહ ઉપર કરવામાં આવ્યો છે. રાજકીય દ્વેષભાવ માટે સશસ્ત્ર દળોનો ઉપયોગ કરવાનો આક્ષેપ પણ આ બંને નેતાઓ ઉપર કરવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, ચૂંટણી પેનલ કોંગ્રેસના લોકસભા સાંસદ સુષ્મિતા દેવની ફરિયાદ ઉપર કોઈપણ આદેશ કરવા માટે સ્વતંત્ર છે. આસામમાં સિલ્ચરમાંથી કોંગ્રેસના લોકસભા સાંસદ સુષ્મિતા દેવ તરફથી આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરફથી પણ આવી ફરિયાદ કરવામાં આવી હતી. જસ્ટિસ એસકે કોલ અને જસ્ટિસ કેએમ જોસેફની બનેલી બેંચે આ મામલાની સુનાવણી ગુરુવાર સુધી મોકૂફ કરી હતી. હવે ગુરુવારના દિવસે આ સમગ્ર મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. દેવે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપના ટોપના

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### દિલ્હી શાસ્ત્રીભવનમાં આગ

દિલ્હી,તા. શાસ્ત્રીભવનમાં સૌથી ટોચના માળે આગ લાગતા દોડાદોડ મચી ગઈ હતી. કૂલર અને વીજળીના તારમાં આગ લાગી હતી. હાલમાં આગના કારણો બાબતે સ્પષ્ટતા થઈ નથી. ઘટનાસ્થળે આગ પર કાબુ મેળવવા ફાયરબ્રિગેડની ગાડીઓનો કાફલો દોડી ગયો હતો.

### હનીપ્રિતે જામીન અરજી કરી

ડેરા પ્રમુખ ગુરમીત રામ રહીમની કથિત પુત્રી પ્રિયંકા તનેજા ઉર્ફે હનીપ્રીતે નિયમિત જામીન માટેની અરજી બાબતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. હાઈકોર્ટ રજીસ્ટ્રીએ હનીપ્રીતની જામીન અરજી પર હરિયાણા સરકારને નોટીસ પાઠવી છે. ૧લી મે ના રોજ આ બાબતે સુનવણી કરવામાં આવશે.

### શ્રીલંકામાં ફરી આતંકી હુમલાનો ભય

શ્રીલંકાના એક કેબીનેટ મંત્રીએ કહ્યું છે કે તેમની સાથેના સાત મંત્રીઓને જાણકારી પ્રાપ્ત થઈ છે કે ઈસ્ટરના દિવસે હુમલો કરનાર સમૂહ ફરી હુમલાની ફિરાકમાં છે. સંભવિત આત્મઘાતી હુમલા મંત્રીઓને નિશાન બનાવવામાં આવી શકે છે.

### પેટ્રોલ-ડીઝલના ભાવો પુનઃ વધશે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનથી ક્રૂડ ઓઈલની આયાત પર કોઈ દેશને વધુ છૂટ નહી આપવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાના આ નિર્ણયથી સૌથી વધુ અસર ભારત અને ચીન પર પડશે. અમેરિકાના આ પગલાં બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજી આવી ગઈ છે. જે આગામી દિવસોમાં વધી શકે છે.

# આજે યુએનમાં મસૂદ અઝહરને ગ્લોબલ આતંકી જાહેર કરાય તેવી શક્યતા

**ચીન અઝહર પર લગાવેલા ટેકનિકલ હોલ્ડને હટાવે તેવી સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારત અને મોદી સરકાર માટે એક મેના રોજ યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ (યુએનએસસી) માંથી જીતના સમાચાર મળી શકે છે. સૂત્રો તરફથી આપવામાં આવેલી માહિતી અનુસાર એક મેના રોજ યુએનએસસીમાં જૈશ એ મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને ગ્લોબલ આતંકી જાહેર કરવામાં આવી શકે છે. કહેવામાં આવી રહ્યુ છે કે ચીન એક મેના રોજ મસૂદ અઝહર લગાવવામાં આવેલ ટેકનિકલ હોલ્ડને હટાવી શકે છે. ચીને માર્ચમાં ચોથી વાર યુએનની પ્રતિબંધ સમિતિ સામે અઝહરને ગ્લોબલ આતંકી ઘોષિત કરવાના ભારતના પ્રસ્તાવ પર ટેકનિકલ હોલ્ડ લગાવી દીધો હતો. યુએનમાં જૈશ પર પહેલા જ પ્રતિબંધ લાગેલો છે.

ગ્લોબલ ટેરરિસ્ટનું ટેગ મળવુ માત્ર ભારત માટે નહિ પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર માટે પણ એક મોટી રાજકીય જીત હશે. ૧૪ ફેબ્રુઆરીના રોજ પુલવામામાં થયેલા આતંકી હુમલા બાદથી જ સતત ભારત તરફથી આના પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થઈ ગયા હતા અને આની જવાબદારી જૈશે લીધી હતી. 'મેનો દિવસ મસૂદ અઝહર માટે ઘણો મુશ્કેલ બની રહેવાનો છે કારણકે આ દિવસે તેને યુએનની ઈસ્લામિક સ્ટેટ અને અલ કાયદા પ્રતિબંધ સમિતિ તરફથી ગ્લોબલ ટેરરિસ્ટ ઘોષિત કરવામાં આવશે. ચીન આ દિવસે અમેરિકા, ફ્રાંસ અને યુકેની માંગને માનીને પુલવામા આતંકી હુમલાના માસ્ટર માઈન્ડને સજા અપાવવાનો રસ્તો ખોલશે.

આ અધિકારી તરફથી જણાવવામાં આવ્યુ છે કે ચીને જે ટેકનિકલ હોલ્ડ લગાવ્યો હતો તે એક મેના રોજ હટાવી શકે છે. અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન તરફથી અઝહરને ગ્લોબલ

● અનુસંધાન પાન-૭ પર

# હવે, બાકીના ૩ તબક્કામાં ભાજપની અગ્નિપરીક્ષા

**બાકી ૩ ચરણોમાં ૨૦૧૪નુ પુનરાવર્તન ભાજપા કરી શકશે ? : ૨૦૧૪માં ૧૬૯ પૈકી ૧૧૬ સીટ જીતી હતી**

નવી દિલ્હી,તા. ૩૦

લોકસભા ચૂંટણીના ચાર તબક્કા માટે મતદાન પૂર્ણ કરી લેવામાં આવ્યુ છે. આશરે ૭૦ ટકા સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. સેંકડો ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ચુક્યા છે. બાકી ત્રણ તબક્કામાં હવે મતદાન થનાર છે. જે મતદાન ભારતીય જનતા પાર્ટી માટે ઉપયોગી છે. બાજપે આ ત્રૈંણ તબક્કામાં રહીં કુલ ૧૬૯ સીટ પૈકી વર્ષ ૨૦૧૪માં મોદી લહેર વચ્ચે ૧૧૬ સીટ જીતી લીધી હતી. એમ માનવામાં આવે છે કે ભારતીય જનતા પાર્ટી માટે અસલી પરીક્ષા તો હવે શરૂ થવા જઈ રહી છે. બાકી રહેલા ત્રણ તબક્કામાં તેની કસૌટી થનાર છે. વર્ષ ૨૦૧૪માં આ તબક્કામાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો. રાજસ્થાનમાં લોકસભાની તમામ અને મધ્યપ્રદેશની સીટો પર જોરદાર દેખાવ કર્યો હતો. ગયા વર્ષે આ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ હારનો સામનો કર્યો છે. જેથી પાર્ટી માટે વર્ષ ૨૦૧૪ જેવા દેખાવની ગણતરી કરવાની બાબત યોગ્ય દેખાઈ રહી નથી. સોમવારના દિવસે બંને રાજ્યોની ૧૯ સીટ પર મતદાન પૂર્ણ કરવામાં આવ્યુ છે. જેમાં મધ્યપ્રદેશની છ અને રાજસ્થાનની ૧૩ સીટો હતી. ચોથા તબક્કામાં નવ રાજ્યોની ૭૨ સીટ પર મતદાન પૂર્ણ કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ ૯૬૧ ઉમેદવારોના ભાવિ ઈવીમમાં સીવ થઈ ગયા હતા. પાંચમાં તબક્કામાં હવે બિહારની પાંચ સીટો અને ઝારખંડની ચાર સીટ પર મતદાન થનાર છે. રાજસ્થાનમાં ૧૨ સીટો પર મતદાન થનાર છ. ઉત્તરપ્રદેશમાં ૧૪ સીટો પર મતદાન થનાર છે. આવી જ રીતે બંગાળમાં આઠ સીટો પર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં બિહારમાં આઠ, હરિયાણામાં દસ બેઠકો પર મતદાન યોજાનાર છે. યુપીમાં ૧૪ સીટ પર મતદાન થશે. પાંચમાં તબક્કામાં બિહારની પાંચ, જમ્મુ કાશ્મીરની એક, ઝારખંડની સાત, મધ્યપ્રદેશમાં સાત, રાજસ્થાનમાં ૧૨, ઉત્તરપ્રદેશમાં ૧૪, બંગાળમાં સાત સીટો ઉપર મતદાન થશે. અહીં છઠ્ઠી મેના દિવસે મતદાન થશે જ્યારે છઠ્ઠા તબક્કામાં બિહારમાં ૮, હરિયાણામાં ૧૦, ઝારખંડમાં ૪, મધ્યપ્રદેશમાં ૮, ઉત્તરપ્રદેશમાં ૧૪, બંગાળમાં ૮, દિલ્હીમાં સાત બેઠકો ઉપર મતદાન થશે. ૧૨મી મેના દિવસે છઠ્ઠા તબક્કામાં મતદાન થશે.

# રાફેલ કેસમાં ચોથી મે સુધી જવાબ આપવા માટે કેન્દ્ર સરકારને હુકમ

**કેન્દ્ર સરકારને વધારે સમય આપવા માટેનો ઇન્કાર : રાફેલ ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજીઓ ઉપર કેન્દ્ર સરકારને હુકમ કરાયો**

નવીદિલ્હી, તા. ૩૦

સુપ્રીમ કોર્ટે રાફેલ ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજીઓ ઉપર ચોથી મે સુધી જવાબ દાખલ કરવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ગયા ડિસેમ્બર મહિનામાં તેના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીઓ ઉપર કેન્દ્ર સરકારને જવાબ રજૂ કરવા માટે સૂચના આપવામાં આવ્યા બાદ આ મામલો પણ હજુ પણ ગરમ રહે તેવી શક્યતા છે. ગયા ડિસેમ્બર મહિનામાં પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ફ્રાંસ પાસેથી ૩૬ રાફેલ યુદ્ધ વિમાનો મેળવવા ભારતની સોદાબાજીને પડકાર ફેંકતી અરજીઓને ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કેન્દ્રની અરજીને સ્વીકારી નથી જેમાં કહેવામાં આવ્યું હતું કે, આ અરજીનો જવાબ આપવા માટે ચાર સપ્તાહની મહેતલ આપવામાં આવે. ચોથી મે સુધી જવાબ આપવા માટે કેન્દ્ર સરકારને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. શનિવાર સુધી કેન્દ્ર સરકારને જવાબ આપી દેવો પડશે. આ બેંચમાં જસ્ટિસ એસકે કોલ અને કેએમ જોસેફ પણ સામેલ હતા. અરજીઓ ઉપર સુનાવણી માટે ૬ઠ્ઠી મેની તારીખ નક્કી કરવામાં આવી છે. પૂર્વ કેન્દ્રીયમંત્રી અરુણ શૌરી, યશવંતસિંહા અને વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા અરજીઓ દાખલ કરવામાં આવી હતી જેમાં ૧૪મી ડિસેમ્બર ૨૦૧૮ના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની ઉમેદવારી રદ કરવા ટીએમસીની ચૂંટણીપંચને ફરિયાદ

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) દ્વારા વડાપ્રધાન મોદી વિરુદ્ધ ચૂંટણીપંચમાં ફરિયાદ કરવામાં આવી છે અને વડાપ્રધાનની ઉમેદવારી રદ કરવાની માંગ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ટીએમસીના ૪૦ ધારાસભ્યો તેમના સંપર્કમાં છે અને ચૂંટણીના પરિણામો આવ્યા બાદ તે તમામ ભાજપમાં જોડાઈ જશે. ટીએમસીએ આરોપ મુખ્યો છે કે, વડાપ્રધાનનું આ નિવેદન ચૂંટાયેલા પ્રતિનિધિઓના ખરીદ-વેંચાણને પ્રોત્સાહન આપે તેવું છે.

પ્રેરણા વિદ્યાલય
મર્યાદિત સંખ્યા બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે પુરતું ધ્યાન આપતી વ્યાજબી ફી ધોરણવાળી એકમાત્ર પ્રતિષ્ઠિત સંસ્થા
બાલમંદિર થી ધો. ૧૨ (આર્ટસ / કોમર્સ)
પ્રવેશ ચાલુ છે.
પ્લોટ નં. ૩૪૦ સેક્ટર-૫/એ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૪૬૦૦૭, સમય : સવારે ૮ થી ૧૨
શિક્ષકો જોઈએ છે દિન ૭ (સાત)માં અરજી કરવી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

